# ચણા અને ઘઉં  પાકમાં ખેડૂત દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૨૭.૦૨.૨૦૨૩ થી ૧.૦૩.૨૦૨૩ના રોજ દાહોદ જીલ્લાના જુદા જુદા ગામોમાં નિદર્શીત કરેલ ચણા અને ઘઉંની પાકમાં "ખેડૂત દિવસ" ની ઉજવણી કરવામાં આવેલ. કાર્યક્રમમાં શ્રી. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન) એ નિદર્શિત ચણાની ‘ગુજરાત જુનાગઢ ચણા ૬’ અને ઘઉંની ‘ગુજરાત ઘઉં ૪૫૧’ જાતની લાક્ષણીકતાઓ તેમજ આ જાતો અન્ય જાતોની સરખામણીએ ચડીયાતી છે તે વિશે ખેડૂતોને માહિતગાર કરેલ. જ્યારે ડો. જી. કે. ભાભોર વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)એ આ સુધારેલ જાતોના મહત્વ તેમજ વધુમાં વધુ સમસ્તરીય ફેલાવો કરવા અપીલ કરેલ તેમજ જિલ્લા ખેતીવાડી વિભાગ, દાહોદથી શ્રી. અર્પિત ભૂરીયા (ખેતીવાડી અધિકારી)એ વિવિધ ખેતીવાડી અને બાગાયત યોજનાઓ અને અરજી સમયે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે ખેડૂતોની માહિતગાર કર્યા.

કાર્યક્રમમાં ખેડુતો સાથે ચર્ચા દરમિયાન ચણા (જીજેજી ૬) અને ઘઉં (જીડબલ્યું ૪૫૧)ની જાતના ખુબ સારા અને હકારાત્મક પ્રતિભાવો જોવા મળ્યા તેમજ ખેડુતોએ અન્ય ખેડુતોને આ જાત વધુમા વધુ વાવેતરમા લેવાય તે અંતર્ગત પોતાનો અભિગમ આપેલ. આ કાર્યક્રમ સીંગવડ તાલુકાનાં મુનાવાણી, ઝાલોદ તાલુકાનાં મોટી હાંડી અને રણીયાર કણબી મુકામે યોજાયેલ જેમાં કુલ ૨૭૪ ખેડુતભાઈઓ અને બહેનોઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ. કાર્યક્રમનું સફળ સંચાલન કુમારી  ઊર્મિ ચાવડા દ્વારા કરવામાં આવેલ.




કાર્યક્રમની ઝાંખીઓ